| LS-94 | શ્રી સ્તવનભાઈ અશોકભાઈ દોશી |
| | શ્રીમતી સેજલબેન સ્તવનભાઈ દોશી |
| LS-96 | શ્રી સંજયભાઈ કલ્યાણભાઈ શાહ |
| | શ્રીમતી દિવ્યાબેન સંજયભાઈ શાહ |
| LY-19 | શ્રી યશવંતલાલ શાંતિલાલ દોશી |
| | શ્રીમતી ગુણવંતીબેન યશવંતલાલ દોશી |
| LN-132 | શ્રી નિક્ષેપભાઈ નિલેષભાઈ દોશી |
| | શ્રીમતી તૃપ્તિબેન નિક્ષેપભાઈ દોશી |

## સુંદરવન

સંપર્ક : ૯૪૨૬૨ ૭૫૧૫૬

### વડીલોનો વિસામો

પ્રિય સભ્ય મિત્રો...! જય જિનેન્દ્ર...

ક્યારેક સમય એવો ખરાબ આવે... ચારેકોર અડાબીડ અંધકાર છવાયા હોય... એકાદ કિરણની પણ આશા ન હોય. આ અંધકારને ઊલેચવાની આપણી પાસે કોઈ ભાષા ન હોય ત્યારે આપણી પાસે એ અંધકારને ઊકેલવા માટે આપણી પાસે પ્રાર્થના સિવાય બીજો વિકલ્પ નથી હોતો. તેના મંત્રોચ્ચારણના ધ્વનિથી દિવાલોમાં પણ સ્પંદનો જાગે છે. ત્યારે પૂ.ગાંધીજીના શબ્દોમાં 'જ્યારે બધી જ આશા છોડીને બેસીએ ત્યારે ક્યાંકને ક્યાંથી મદદ આવીને પડે છે. એ મેં અનુભવ્યું છે. સ્તુતિ, ઉપાસના, પ્રાર્થના એ વ્હેમ નથી પણ ખાઈએ, પીએ, ચાલીએ, ઊઠીએ, બેસીએ એ બધું જેટલું સાચું છે તેનાથી વધારે સાચું છે એ જ સાચું છે, બીજું બધું ખોટું છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.'

પ્રાર્થનાનો અર્થ માંગણી : એનો અર્થ એવો સંકુચિત નથી કે હે પ્રભુ ! અમે તારા ગુણકીર્તન કરીએ અને તું અમારી સર્વ ઈચ્છાઓ પૂરી કર. પણ તારા ગુણકીર્તનમાંથી અમે એવું બળ મેળવીએ કે અમારા કામો અમે સારી રીતે કરી શકીએ અને પ્રભુ ! મન, વચન અને કાયાની ભૂમિકાઓ સાક્ષાત્ આચરેલો કે આચરણમાં ન મૂકાયેલો એવો અમારો તમામ પ્રકારનો અપરાધ ક્ષમાદૃષ્ટિ જોજો પ્રભુ ! હે પ્રભુ ! મારા સર્વ પાપ તેમજ પુણ્યો તારા ચરણમાં ધરી દઉં છું. બધું તું જાણે પ્રભુ ! મારે કંઈ નહીં, મેં તો તારો અનન્ય ભાવે આશરો લઈ લીધો.

મિત્રો ! આપણે પ્રભુને પ્રાર્થીએ કે 'હે કરૂણાસિંધુ... સારૂંયે જગત દુઃખ, પીડા અને કીલામીના અને મૃત્યુના દુઃખના ઓઘાર નીચે ભયંકર વેદના અનુભવી રહ્યું છે... તો હે પ્રભુ ! જગતને અને અમને સાથે રાખીને... અમને અમારા કર્મોની સજા હળવી કરી અમને ક્ષમા આપજો.

મિત્રો ! દુઃખોના પહાડ તો તૂટ્યા જ છે આપણા ઉપર, છતાં પણ આપણને પણ એક અવસર મળ્યો છે... જ્યારે ભગવાનને કહીએ છીએ કે તું અમારી ઉપર કરૂણા કર...ત્યારે એ માંગણી કર્યા પહેલા આપણે પણ આપણા કોઈ પણ માનવબંધુઓ ઉપર પડેલી વિપત્તિઓમાં શક્ય એટલી મદદ કરવાનું ન ભૂલીએ...

મિત્રો ! આપણે સુંદરવન તરફથી ૧. શ્રીમતી રંજનબેન હરગોવિંદદાસ ગાંધી, ૨. શ્રી અતુલભાઈ મયાચંદ શાહ, ૩. શ્રી મુકેશભાઈ ત્રંબકલાલ પારેખ, ૪. શ્રી સૂર્યકાન્તભાઈ ખેમચંદભાઈ શાહ અને ૫. શ્રી મહેશભાઈ કે. શાહના દુઃખદ અવસાન નિમિત્તે રૂા. ૫,૦૦૦ ડેથ બેનીફીટ નિમિત્તે પહોંચાડવામાં આવ્યા છે. પહેલા તો અમે ઘરે દિલાસો દેવા પહોંચી જતા પણ ઉંમર વધતાં સમય બદલાતા હવે એ શક્ય નથી બનતું તો અમને ક્ષમા કરશો. પણ વિનંતી એટલી કે જે દુઃખ આવી પડે છે તેને ભૂલ્યા વગર છૂટકો નથી અને ભૂલવા માટે પ્રયાસો કરવા પડે છે તો 'સુંદરવન'માં પણ બધા આપણા જ છે. તો હળતા-મળતા રહીશું દુઃખ હળવું થશે જ જરૂરથી. માટે જરૂરથી સુંદરવનના સભ્ય તરીકે ચાલું રહેશો તેવી વિનંતી.

'કોરોના'થી જરૂરથી આપ સર્વેની તબિયત જળવાય, સચવાય અને સાચવીને રહો એવી જ પ્રભુને મંગલ પ્રાર્થના.

કાંઈ પણ અનિવાર્ય હોય અને જરૂર હોય તો જરૂરથી જણાવશો.

નવું વર્ષ ૨૦૨૦-૨૧ બધાને શુભેચ્છા સાથે આખા જીવનની શુભેચ્છાઓ ઈચ્છીએ છીએ.

દરેક મેમ્બર ઘર દીઠ સુંદરવન તરફથી રૂા. ૨૦૦૦/- અને વાઈસ પ્રેસીડેન્ટ પ્રવીણાબેન ગાંધી તરફથી ઘર દીઠ ૫૦૦ ગ્રામ સેનીટાઈઝરની ૧ બોટલ તેમજ સભ્યદીઠ ૨-૨ માસ્ક આપવામાં આવેલ.

પ્રમુખશ્રી : અરવિંદભાઈ સંઘવી • ઉપપ્રમુખ : પ્રવીણાબેન આર. ગાંધી
મંત્રીશ્રી : અશોકભાઈ ગાંધી


**SHAH AGENCIES**
SHAH EXPORTS
PROPRIETOR : ENJE SHAH ENTERPRISES PVT. LTD.
DEALING IN : POLYESTER FILM STRETCH FILM, SHRINK FILM & SLEEVE
EXPORTER : PRODUCTS FLEXIBLE PACKAGING
NAVIN SHAH • NIRAV SHAH • DEVANG SHAH
Adm. Off. : 317-318, Pushpam, Opp. Seema Hall, 100 Ft. Road, Satellite, Ahmedabad - 380 015.
Phone : 91-79-26932662, 63, 64
Fax : 91-79-26932665, (R) 26932733/34
E-mail : navinjshah@gmai.com

**SHAH ASSOCIATES**
DISTRUBUTORS : LAMINATED POUCHES, BOPP FILM / PVC SHRINK / CELLO TAPE / L.D. HMHD. P.P. PLAIN BAGS, PRINTED BAGS / CORRUGATED BOXES
ASHOK SHAH, HEMANG SHAH (M) 9825048421
Adm. Office : B-1, 104, 1st Floor, Paladium Complex, Corporate Road, S.G. Road, Setellite, Ahmedabad
Ph. : (079) 27558672
E-mail : shahpapers&foils@hotmail.com
shahpapers&foils@gmail.com
Phone : (R) (079) 26931040 / 41

**JIVANSATHI.NET**
**મેરેજ બ્યુરો**
લગ્નો ઉત્સુક દરેક જ્ઞાતી તથા ધર્મના યુવક-યુવતિઓ માટે
માત્ર કન્યાઓ માટે ૧૦૦% ફ્રી
સંપર્ક : ચંદ્રકાન્ત પંચાલ
એ-૯, તીર્થદેવભૂમિ એપાર્ટમેન્ટ, કેશવનગર રોડ, સુભાષબ્રિજ, અમદાવાદ-૨૭.
Mobile : 98 25 19 19 25
E-mail : info@jivansathi.net
Website : www.jivansathi.net




પ્રાર્થના આત્માનો ખોરાક છે.

# જૈન ધર્મ

લે. ચંદ્રકાંત બક્ષી

જૈન ધર્મ વિજ્ઞાન અને તર્કના પાયા ઉપર ઊભો છે. એ કદાચ એક કારણ છે કે કાળના પ્રવાહો સામે એ આજ સુધી સ્વસ્થતાથી જીવી શક્યો છે અને જીવે છે.

જૈનોની શાખા-પ્રશાખાઓ હિન્દુઓ જેવી નથી, પણ મુંબઈના કોઈપણ ગુજરાતી દૈનિક વર્તમાનપત્રની મૃત્યુનોંધો જોવાથી એનો થોડો ખ્યાલ આવી શકે છે. ઓસવાલ પોતાને ક્ષત્રિય કુળના ગણે છે. કચ્છમાં એમની ઘણી વસ્તી છે જે વર્ણભેદના વિરોધરૂપે જન્મ્યો હતો. એમાં હવે પોતાના જ ભેદભાવ જન્મી ચૂક્યા છે અને એ સ્વાભાવિક છે. હિન્દુસ્તાનમાં શીખો અને ખ્રિસ્તીઓમાં પણ અસ્પૃશ્યો છે, પણ જૈનોમાં અસ્પૃશ્યો નથી એ એક બહુ મોટી વાત છે !

નવકારમંત્ર જૈન ધર્મના પાયામાં છે. નમસ્કાર મહામંત્રમાંથી નમઃકારમંત્ર બન્યો, એમાંથી 'નવકારમંત્ર' શબ્દ આવ્યો. આને નવના આંકડા સાથે સંબંધ નથી. ભમરામાંથી 'ભંવરા' કે કમલમાંથી 'કંવલ'ની જેમ 'મ' અક્ષર 'વ'માં કાળક્રમે બદલાઈ ગયો ! આ ધર્મ ચોક્કસાઈ પર કેટલો ભાર મૂકે છે અને કેટલો તર્કશુદ્ધ છે એ માટે એક દૃષ્ટાંત જોવા જેવું છે. પ્રથમ પાંચ મંત્રો પછી આવે છે : 'એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પાણાસણો' અર્થાત્ આ પાંચ મંત્રો, સર્વે પાપોનો નાશ કરે છે. અહીં જે 'પણાસણો' શબ્દ છે એ સંસ્કૃત 'પ્રનાશ'નું અર્ધમાગધી સ્વરૂપ છે. માત્ર પાપના નાશની વાત નથી, પણ પાપનો પ્રનાશ થાય છે. છાણાં બાળીને અને એની રાખ થઈ જાય એટલે કહેવાય કે છાણાંનો નાશ થયો, પણ એ રાખ જ્યારે ઊડી જાય ત્યારે કહી શકાય કે હવે છાણાંનો પ્રનાશ થયો ! માત્ર પાપના નાશથી જ સંતોષ નથી, એની રાખ ઊડી જવી જોઈએ. વિચારોની આટલી શુદ્ધતા અને તર્ક પછીનો ધારદાર વિતર્ક એ જૈન ધર્મની ખાસિયત છે !

જૈનો કોઈ જાતિ કે પેટાજાતિ નથી પણ ધર્મપરાયણ પ્રજા છે. જૈન શબ્દ પણ પાટીદારની જેમ હોદ્દાવાચક કે નાગરની જેમ જાતિવાચક નથી, કોઈ સરકાર કે પ્રતિષ્ઠાને એમને આ નામ આપ્યું નથી, પણ પ્રજાઓ પોતે પોતાના માટે આ નામ સ્વીકાર્યું છે. ધર્મ, કર્મ, માન્યતાઓ, ખાવા કે ન ખાવાના નિયમો, વ્યવહાર આદિમાં એમની પાસે હજારો જૂની પ્રણાલિકાઓ છે. એ કોઈ માતા કે ઈશ્વરમાં માનતા નથી, પણ તીર્થંકર, અરિહંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ વગેરે ઊંચી અને ઊંચી આધ્યાત્મિક સ્થિતિઓની એમની પાસે એક ભૂમિકા છે. જ્યાં માણસ પોતે જ ઇન્દ્રિયદમન અને તપસ્યા કરીને મોટો બની શકે છે. જૈન ધર્મ વિજ્ઞાન અને તર્કના પાયા ઉપર ઊભો છે. એ કદાચ એક કારણ છે કે કાળના પ્રવાહો સામે એ આજ સુધી સ્વસ્થતાથી જીવી શક્યો છે અને જીવે છે.

જૈનોએ આપેલી પ્રતિભાઓની યાદી કરવી હોય તો આ જ કદનો બીજો એક લેખ ઓછો પડે ! પણ થોડાં નામો એમની પ્રવૃત્તિઓની વિવિધતા સમજવા માટે ગણાવી શકાય. ધર્મની દુનિયામાં કેટલાંય મોટાં નામોનો ઇતિહાસ સાક્ષી છે. મધ્યયુગમાં હેમચંદ્રાચાર્યનું નામ સૂર્યની જેમ પ્રકાશે છે. અકબરના જમાનામાં હીરવિજયસૂરિને શાહી દરબારમાં આમંત્રણ મળ્યું હતું અને એમને 'જગદ્‌ગુરુ'ની ઉપાધિ અપાઈ હતી. એમના પ્રયત્નોને કારણે અકબરે માંસાહારનો ત્યાગ કર્યો હતો. પછી તો કેટલાય વિચારકો અને વિદ્વાન સૂરીઓ આવતા ગયા. આપણા જમાનામાં શ્રીમદ્ રાજચંદ્ર સુપ્રસિદ્ધ છે. ગાંધીજીને ખ્રિસ્તી થતાં અટકાવનાર શ્રીમદ્ હતા. એવી પણ એક વાત છે. આજના ભારતના એક સુખ્યાત કે કુખ્યાત પણ અત્યંત મેધાવી વિચારક પણ જૈન છે - આચાર્ય (હવે ભગવાન) રજનીશ ! પણ એ મધ્યપ્રદેશના છે. મધ્યયુગનું એક બહુ મોટું નામ આનંદ ધનજી ! એમના સમયના મહાન નૈયાયિક યશોવિજયજી, આ સિવાય આપણા સમયમાં 'પંજાબકેસરી' કહેવાતા વલ્લભસ્સૂરિ અને એમના પ્રતિસ્પર્ધી રામસૂરિ જૈન દર્શનના બે સ્થંભો સમાન હતા. આ સિવાય આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા આત્મરામજી, કાશીવાળા વિજયધર્મસૂરિ અને પુણ્યવિજયજી, હમણાંના દિવસો તરફ આવીએ તો મુનિ સંતબાલ ! અને એક જરા ચર્ચાસ્પદ અને ચટપટુ નામ મુનિ ચિત્રભાનુ, જે અમેરિકામાં જૈન ધર્મ ભણાવવા સિવાય પણ પ્રવૃત્તિઓ કરે છે ! અને જૈનોના કાનજી સ્વામીને કોણ ઓળખતું નથી ?

ઇતિહાસપ્રસિદ્ધ આબુનાં મંદિરો બનાવનારા મંત્રીઓ વિમલ શાહ અને વસ્તુપાલ-તેજપાળ તથા રાણા પ્રતાપના મુખ્યમંત્રી ભામાશાહ જૈન હતા. ગુજરાતના ઇતિહાસના સુવર્ણયુગ જેવો સોલંકીકાળમાં જૈનોનું વર્ચસ્વ હતું. તત્કાલિન ગુજરાતી ઈતિહાસ પણ એમની પાસેથી જ મળે છે. ગુજરાતના એક પ્રખર વિદ્વાન પંડિત સુખલાલજી અંધ હતા, પણ એમના મુકાબલાની પ્રતિભા ભાગ્યે જ પેદા થઈ છે. જેમને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મળી છે એવા જૈન ભાષાશાસ્ત્રી પ્રબોધ પંડિત હતા.

કુંવરજી આણંદજી જૈન ધર્મના પ્રકાંડ શાસ્ત્રજ્ઞ હતા. એમના પુત્ર પરમાનંદજી કુંવરજી કાપડિયા 'પ્રબુદ્ધ જીવન' (પહેલાં 'પ્રબુદ્ધ જૈન') સાથે સંકળાયેલા હતા. સમાજનેતા હતા. એમના જ પિતરાઈ મૂળ ભાવનગરના મોતીચંદ કાપડિયાએ મહાવીર જૈન વિદ્યાલયો સ્થાપ્યાં, જેને કારણે જૈન સમાજને પ્રથમ કક્ષાના પ્રોફેસરો, ડોક્ટરો, અભ્યાસીઓ મળ્યા ! ગઈ સદીમાં પ્રખ્યાત શેઠ મોતીચંદ ઉર્ફે મોતી શાહ થઈ ગયા જે લવજી વાડિયાના મુકાબલાના જહાજમાલિક હતા. દુનિયાભરમાં ધંધો કરતા તારાચંદ મોતીચંદ ચિનાઈ ચીની ભાષા ભણ્યા હતા, ચીનની મુસાફરી કરનારા પ્રથમ જૈન ગૃહસ્થ હતા અને જૈનોએ જેમને માટે ખરેખર ગર્વ લેવો જોઈએ એવો એક શાહ-સૌદાગર મર્દ ખેલાડી જે એ જમાનામાં કરોડો કમાયો, કરોડો ખોયા, મુંબઈનું આખું 'રેકલેમેશન' કર્યું. મુંબઈના રાજા, દુનિયાનાં રૂબજારોને ધ્રુજાવનારો સુરતનો જૈન સપૂત - પ્રેમચંદ રાયચંદ. મુંબઈએ અને કદાચ હિન્દુસ્તાને આવો શેરદિલ

ભડવીર માણસ જોયો નથી. બહાર-ગેટ (બઝાર ગેટ)ના જૈન કુટુંબોને સામાયિક-પ્રતિક્રમણ કરવામાં સમય જોવાની તકલીફ પડે છે માટે માતા રાજબાઈએ એક ટાવર બાંધવાનું સૂચન કરતાં પ્રેમચંદ રાયચંદે મુંબઈનો વિશ્વવિખ્યાત રાજાબાઈ ટાવર બંધાવ્યો !

ગઈ સદીમાં સ્વામી વિવેકાનંદ ગયા હતા એ અમેરિકાની શિકાગો વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે જઈને વીરચંદ રાઘવજી ગાંધીએ વિદેશોમાં પ્રથમવાર જૈન ધર્મ વિષે વ્યાખ્યાનો આપ્યા હતા. યુવાનીમાં અવસાન પામેલા એ પ્રખર જૈન વિદ્વાનને જૈનોએ જ્ઞાતિ બહાર મૂક્યા હતા ! જૈનોમાં દાન અને ધર્મ વિદ્વત્તાની સાથે સાથે રહ્યા છે. યશોદેવસૂરિ જૈન શિલ્પ સ્થાપત્યના નિષ્ણાત અને તત્વજ્ઞ છે. વિજયધર્મસૂરિની પ્રેરણાથી મૂર્તિપૂજક સમાજમાં કરોડો રૂપિયાનાં દાનનાં કાર્યો થયાં છે. સુરતમાં બે કરોડને ખર્ચે મહાવીર હોસ્પિટલ બનાવનાર દાનવીર જયંતિલાલ રતનચંદ શાહને કેમ ભૂલી શકાય ? એક તદ્દન જુદાં ક્ષેત્રમાં એ જૈન મશહૂર થયા હતા - નથ્થુમંછા જાદુગર હતા ! અમદાવાદના વિખ્યાત જૈન પરિવારની વાત કર્યા વિના સૂચિ અધૂરી રહી જાય ! મૂળ સ્થાપક શાંતિદાસ શેઠ, એમના જ પરિવારમાં એક પુત્રના વંશવૃક્ષમાં હેમાભાઈ અને એમના પુત્ર પ્રેમાભાઈ થયા. બીજી લાઈનમાં થયેલા લાલભાઈ અને એમના યશસ્વી પુત્ર (અને હવે સ્વર્ગસ્થ) કસ્તૂરભાઈને આખું ગુજરાત ઓળખે છે. જૈનમંદિરોની વ્યવસ્થા કરતી 'આણંદજી કલ્યાણજી'ની પેઠી (આ કોઈ વ્યક્તિઓ નથી, પણ આનંદ અને કલ્યાણ એવી ભાવનાઓ છે !)નો વહીવટ પણ લાલાભાઈએ કર્યો હતો. હઠીસિંહ કેસરીસિંહ એ બીજો પરિવાર જેમનું હઠીસિંહ દેરું અમદાવાદનું એક દર્શનીય સ્થાન છે. એ પરિવારના રાજા હઠીસિંહ જવાહરલાલ નહેરુની બહેન કૃષ્ણાને પરણ્યા હતા ! સારાભાઈ પરિવારે દેશને ઘણાં નામો આપ્યા છે. અંબાલાલ સારાભાઈના કાકા ચીમનલાલ નગીનદાસનું સી.એન. વિદ્યાલય મશહૂર છે. એ જ કુટુંબમાં ઇંદુમતી ચીમનલાલ થયાં.

ભારતના વિરાટ ઉદ્યોગોમાંથી કેટલાક જૈન છે : વાલચંદ હીરાચંદ, સારાભાઈ, કસ્તૂરભાઈ લાલભાઈ, કામાણી, કિલાચંદ, ચંદેરિયા ! ચંદેરિયા પરિવારના ઉદ્યોગો બત્રીસ દેશો છે. ફીટટાઈટ બોલ્ટ - નટ્સ કંપનીના ચેરમેન લાલદાસ જમનાદાસ વોરા અગાઉ મુંબઈના શેરબજારના પ્રમુખ રહી ચૂક્યા છે. મજાની વાત એ છે કે મુંબઈના ધનપતિઓને ધ્રુજાવનાર મજૂરનેતા આર.જે. મહેતા પણ પાલનપુરના લાખોપતિ જૈન ઝવેરી પરિવારના નબીરા છે ! જૈનો ઉદ્યોગપતિઓની સાથે સાથે મજદૂરનેતા પણ પેદા કરી શકે છે !

જૈન સમાજનું એક પ્રતિષ્ઠિત નામ ચીમનલાલ ચકુભાઈ શાહ. તે મુંબઈ સરકારના સોલિસિટર. લોકસભાના સભ્ય અને યુનોની મહાસમિતિમાં ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય રહી ચૂક્યા છે. ડો.રમણલાલ ચી. શાહ, મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ છે અને મધ્યકાલિન જૈન સાહિત્ય તથા તત્વજ્ઞાનના તજજ્ઞ છે. શિક્ષણના ક્ષેત્રમાં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો.મધુરીબહેન શાહ ભારતભરમાં સુવિખ્યાત છે. મુંબઈના બેશુમાર ડોક્ટરો જૈન છે. એક નામ છે ડો.કે.એન. કામદાર. જેમનું એશિયાના પ્રમુખ રેડિયોલોજીસ્ટોમાં સ્થાન છે. બાલકૃષ્ણ દોશી ભારતના પ્રમુખ સ્થપતિઓમાં (આર્કિટેક) ગણાય છે અને અમદાવાદના કેટલાય આધુનિક મકાનો એમના કસબની સાક્ષીરૂપે ઊભાં છે. ડો.વિક્રમ સારાભાઈ વિશ્વપ્રસિદ્ધ વૈજ્ઞાનિક હતા અને એમના પરિચયની જરૂર નથી.

અર્થશાસ્ત્રી પ્રો.કે.ટી. શાહ લોકસભાના સભ્ય હતા અને રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ઊભા રહ્યા હતા. વાડીલાલ ડગલી 'કોમર્સ' પત્રિકાના સંપાદક છે. અર્થશાસ્ત્રી છે. 'જન્મભૂમિ' પત્રોના પ્રાણ જેવા સંપાદક અમૃતલાલ શેઠ જૈન હતા. સર્વ પ્રથમ ગુજરાતી ફિલ્મ સાપ્તાહિક 'ચિત્રપટ' શરૂ કરનાર નગીનલાલ શાહ, 'ગુજરાત સમાચાર'ના તંત્રી શાંતિલાલ શાહ, 'જયહિંદ'વાળા બાબુભાઈ શાહ, ૯૦ હજાર નકલોનો ફેલાવો ધરાવતા 'ફૂલછાબ' દૈનિકના સંપાદક હરસુખ સાંગાણી આ બધા જ ગુજરાતના પત્રકારત્વ પર છવાયેલા છે. આજના ગુજરાતી વિવેચક-વિચારક અને 'ગ્રંથ'ના તંત્રી યશવંત દોશી જૈન છે. રાજનીતિશાસ્ત્રના પંડિત ડો.રજની કોઠારી પણ જૈન છે અને સેક્સ વિજ્ઞાનના પંડિત ડો. પ્રકાશ કોઠારી પણ જૈન છે. આ દરેક પોતપોતાના ક્ષેત્રોમાં શિખર પર છે ! સિનેમાની દુનિયામાં સરદાર ચંદુલાલ એક જ હતા ! ફિલ્મવિતરકોમાં કપૂરચંદ પરિવારનો સિક્કો હતો. કલ્યાણજી અને આણંદજી સંગીતક્ષેત્રે સુપ્રસિદ્ધ છે. ફિલ્મ-ફાઈનાન્સમાં નામ કાઢનાર જી.એન. શાહ પણ જૈન છે. ગુજરાતી નાટકની દુનિયામાં જાનદાર કાન્તિ મડિયાના કદમ સાથે કદમ મિલાવીને ચાલનારા ઓછા છે. નાટ્યક્ષેત્રે લાલુ શાહ અને જગદીશ શાહ ગાજતાં નામો છે. નૃત્યની ફિલ્મોની મુખ્ય ગુજરાતી અભિનેત્રી રાગિણી જૈન છે. નૃત્યની ઝિલમિલ દુનિયામાં ઝવેરી બહેનોએ નામ રોશન કર્યું છે અને આજે મલ્લિકા સારાભાઈ પણ ટોચનું નામ છે. હિન્દુસ્તાનમાં જાદુની માયાજાળ કાન્તિલાલ ઉર્ફે કે.લાલે આવી પાથરી છે કે હવે એ આંતરરાષ્ટ્રીય બની ગઈ છે અને ક્રિકેટના રસિકોને ભારતીય ટેસ્ટ ટીમના સ્પીન બોલર દિલીપ (રસિકભાઈ) દોશીનો પરિચય આપવાનો રહેતો નથી.

સાહિત્યમાં જૈનોએ બહુ મોટાં નામો આપ્યાં છે : વાડીલાલ મોતીલાલ શાહ અને મોહનલાલ ચુનીલાલ ધામી, ચુનીલાલ વર્ધમાન શાહ અને જયભિખ્ખુ ! આધુનિક ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ કવિ અને ગાંધીજીના શબ્દોમાં 'રાષ્ટ્રીય શાયર' ઝવેરચંદ મેઘાણી જૈન હતા. એમના ભત્રીજા રમણીક મેઘાણીએ બંગાળી સાહિત્યની કૃતિઓના ઉત્તમ અનુવાદો ગુજરાતીને આપ્યા છે. કથાવાર્તામાં ટોચનાં નામો જૈન છે - ચુનીલાલ મડિયા અને ગુલાબદાસ બ્રોકર ! લોકપ્રિય કથાકારોમાં રસિક મહેતા બહુ વંચાય છે અને ગઈ પેઢીનું એક નામ - મોહનલાલ મહેતા - સોપન !

ધર્મમાં કહ્યું છે કે કષાયનો વાસ ચાર જગ્યાએ છે : ક્રોધનો લલાટમાં, માનનો ગરદનમાં, માયાનો હૃદયમાં, લોભનો સર્વ અંગોમાં ! કદાચ 'મહાજાતિ'નો વાસ જૈનોમાં હશે.

# જૈન જીવનનિર્વાહ અને કર્માદાન અતિચાર

ચતુર્ગતિરૂપ આ સંસારમાં પરિભ્રમણ કરતાં જીવ પૂર્વમાં બાંધેલા કર્મ ભોગવીને નિવૃત્ત થતો જાય છે, પરંતુ આ કર્મ ભોગવતી વખતે વિભાવ ભાવો કરી નવાં કર્મો બાંધતા જાય છે. આમ બંધનની નિવૃત્તિ, નિવૃત્તિમાં બંધન, એ બંધનની નિવૃત્તિ અને વળી નવા બંધનો એવો સૃષ્ટિક્રમ ચાલ્યા જ કરે છે. આવું પરિભ્રમણ કરતાં જીવ મુખ્યતાએ આઠ પ્રકારની કર્મ પ્રકૃતિનું બંધન, વેદન અને નિર્જરન કરતો રહે છે. ચાર ગતિમાંથી મનુષ્ય ગતિમાં ધર્મ-તપ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ધ્યાન, સંયમની આરાધના કરી પરિભ્રમણમાંથી મુક્તિ પામી મોક્ષ મંગલ માર્ગે આગળ વધી શકાય તેથી તે અમૂલ્ય મનાય છે.

જીવથી થતી સર્વ ક્રિયાઓમાં સૌથી વધુ કષ્ટ આપનાર કોઈ પણ ક્રિયા હોય તો તે, તેનાથી થતી હિંસાને જૈન ધર્મમાં અગ્રસ્થાન અપાયું છે. જૈન ધર્મનો પાયાનો મૂળભૂત અને મહત્વનો સિદ્ધાંત અહિંસાનો છે. અન્ય સિદ્ધાંતોની પ્રરૂપણા અહિંસાની આસપાસ થયેલ છે. પ્રત્યેક જીવ સુખપૂર્વક જીવવા ઇચ્છે છે. જૈન ધર્મ શ્રાવકોને કોઈ પણ જીવને કષ્ટ ન થાય તેવી ક્રિયાઓ સાથે જીવન જીવવાની કળા બતાવે છે. કોઈનો પણ જીવ હણાય નહીં એવી નિષેધાત્મક અહિંસા અને દરેક પ્રત્યે દયા, કરૂણા, અનુકંપા, પ્રેમ, મૈત્રી એવી વિધેયાત્મક અહિંસા સાથે જીવન જીવવાની કળા બતાવે છે.

આપણા જીવન નિર્વાહ માટે, આપણા સાધુ-સાધ્વીઓના જીવન નિર્વાહ માટે, આપણા શાસ્ત્રો-ધર્મગ્રંથો-ગ્રંથાલયો, જિનાલયો અને ઉપાશ્રયોના સંરક્ષણ માટે અત્યંત આવશ્યક અને મર્યાદિત પ્રમાણમાં પૃથ્વી અર્થાત્ માટી, રેતી, ચુનો, પથ્થર, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાય વગેરે એકેન્દ્રિય જીવોની હિંસા મર્યાદા કરીને અને ત્રસ જીવોની હિંસાનો ત્યાગના પ્રત્યાખ્યાન છે.

આજીવિકા માટે કરવામાં આવતી મહા હિંસા અને મહા પરિગ્રહવાળો વ્યવસાય કે ઉદ્યોગ જેમાંથી કર્મો બંધાય છે તે કર્મદાન વિશે જાણવું જોઈએ. કર્મદાનના એક/વધારે કે સંપૂર્ણ ૧૫ બોલ સંબંધી સ્વયંની ઇચ્છા-અનુકૂળતા, સંજોગ પ્રમાણે, મર્યાદા પ્રમાણે સેવન-આચરણ નહીં કરવા પ્રત્યાખ્યાન કરી શકાય છે. શ્વેતાંબર પરંપરાના દેરાવાસી, સ્થાનકવાસી અને તેરાપંથી સંપ્રદાયોમાં પંદર કર્મદાનો વિશે આગમોમાં જાણકારી મળે છે. ઉત્કૃષ્ટ રીતે એનું જીવનમાં આચરણ કરવું જોઈએ નહીં.

શ્રી ભગવતી સૂત્ર શતક ૮ - ઉદ્દેશક ૫ : જો આજીવિકોપાસકોને આ પ્રકારના ત્યાગ વ્રત ઈષ્ટ છે, તે કર્મદાન આ પ્રમાણે છે :

કમ્મઓણં સમણોવાસએણં પન્નરસ કમ્માદાણાઈ જાણિયવ્વા ન સામાયરિવ્વા, તે જહા આલોઉઃઈંગાલકમ્મે, વણકમ્મે, સાડીકમ્મે, ભાડીકમ્મે, ફોડીકમ્મે, દંતવાણીજ્જે, લક્ખવાણિજ્જે, કેસવાણિજ્જે, રસવાણિજ્જે, વિસવાણિજ્જે, જંત પિલન કમ્મે, નિલ્લંછણકમ્મે, દવગ્ગિદાવણિયા, સર દહ તલાગ પરિસોસણયા, અસઈ જણ પોસણયા એવા આતમા વ્રતને વિષે... પંદર કર્માદાન સંબંધી કોઈ પણ પાપ દોષ લાગ્યો હોય તો; અરિહંત અનંતા સિદ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સા મિચ્છામિ દુક્કડં.

કર્મ એટલે વ્યાપાર સંબંધી શ્રમણોપાસક-શ્રાવકને પંદર કર્માદાન (જે કામો તથા વેપાર કરવાથી ગાઢાં પાપ કર્મ બંધાય છે તે) અંગાર કર્મ - લુહાર, ભાડભૂંજા, ઇંટ કે ચૂનાની ભટ્ટી, સિમેન્ટના કારખાના વગેરેના ધંધા કે - જે કાર્યમાં અગ્નિકાયના જીવોની ઘોર હિંસા થાય છે; વન કર્મ-વનનાં ઝાડો કાપવાનો વેપાર કરવો; ગાડું, તેના લાકડાનો, લીલી વનસ્પતિનું છેદન-ભેદન; શકટ કર્મ-શકટ એટલે વાહન-ગાડી-રેલગાડી, મોટર, સ્કુટર, સાયકલ, ટ્રક, ટ્રેક્ટર, રથ, જહાજ આદિ બનાવી વેચવાનો વેપાર કરવો, ભાડી કર્મ-ગાડાં, ઘોડાં, બળદ, ઊંટ, ભેંસ, ગધેડાં, મકાન, રીક્ષા, ટેક્સી આદિ વાહન ચલાવી-રાખી ભાડા ખાવનો વેપાર કરવો; સ્ફોટન કર્મ-પૃથ્વીનાં પેટ ફોડવાના ધંધા કર્યા હોય (કૂવા, વાવ, તળાવ, ખાણ આદિ ખોદાવવાના ધંધા); દંત વાણિજ્ય-દાંત, હાડકાં, શિંગડા, રેશમ, કસ્તૂરી, શંખ, ઊન વગેરેનો વેપાર કર્યો હોય; લાક્ષા વાણિજ્ય-લાખ, રંગ, મીણ, જે વસ્તુના વ્યાપારમાં ત્રસ જીવોની હિંસા થાય અથવા જેમાં સડો કરવો પડે તેવા કેમિકલ્સ, સોડા, મીઠું, ખાર, રંગ આદિનો વેપાર કર્યો હોય; રસ વાણિજ્ય-દારૂ, માંસ, મધ, માખણ, ચરબી આદિ રસનો વેપાર કર્યો હોય; વિષ વાણિજ્ય-ઝેર, અફીણ, સોમલ, જંતુ મારવાની દવા આદિનો વેપાર કર્યો હોય. ઉપરાંત હિંસક હથિયારો-તલવાર, છરા, બંદૂક, ધનુષ્ય, બાણ પણ વિષ વાણિજ્યમાં આવી જાય છે; કેશ વાણિજ્ય-અહીં વપરાયેલો 'કેશ' શબ્દ લાક્ષણિક છે જેનો અર્થ દાસ, દાસી, ગાય, ભેંસ, બકરી, ઊંટ, ઘોડા વગેરે જીવિત પ્રાણીઓના ક્રય-વિક્રયનો વેપાર, ચમરી ગાય આદિનાં કેશનો વેપાર કર્યો હોય; નિલંછણ કર્મ-અંગોપાંગ છેદવા, સ્ત્રી, પુરુષ, આખલા, ઘોડાં આદિને ખસી કર્યા હોય, ડામ દીધા હોય; દાવાગ્નિ દાપન-જંગલ, ખેતર, પર્વત આદિને આગ લગાડવાનો વેપાર કર્યો હોય; સરદહ તડાગ શોષણ-સરોવર, કૂવા, તળાવ વગેરે ઉલેચવાનો વેપાર કર્યો હોય; અસતીજણ પોષણ-હિંસક પશુ, ગુલામ, દુરાચારી મનુષ્યો, વેશ્યા વગેરેનું આજીવિકા અર્થે પાલનપોષણ કર્યું હોય.

શ્રી ગુરુપ્રાણ આગમ બત્રીસીમાં શ્રી ભગવતી સૂત્ર-૩ શતક ૮; ઉદ્દેશક-૫ પાના ૧૨૮થી ૧૪૨માં પાના ૧૪૧-૧૪૨ ઉપરના વિવરણમાં લખેલ છે કે 'આ રીતે ઉક્ત વિશેષ પાપકારી વ્યવસાયના ત્યાગી તે શ્રમણોપાસક ૫ વિત્ર, પરમ પવિત્ર થઈને, મૃત્યુના સમયે મૃત્યુ પ્રાપ્ત કરીને, કોઈ દેવરૂપે ઉત્પન્ન થાય છે.'

ભગવાન મહાવીરના શ્રાવકો કે શ્રમણોપાસક કહેવાય છે તે શ્રાવકવ્રતના ૪૯ ભંગ-વિકલ્પોમાંથી કોઈ પણ ભંગ દ્વારા વ્રત-નિયમ, સંવર, ત્યાગ, પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરે છે. તેમનું જીવન, જીવન વ્યવહાર તથા આજીવિકાના વ્યવસાય પણ અનારંભી કે અલ્પારંભી હોય છે. તેનું અંતિમ લક્ષ્ય સંપૂર્ણ અહિંસક બનવાનું જ હોય છે. જ્યાં સુધી સંપૂર્ણ અહિંસક ન બની શકે ત્યાં સુધી જીવન વ્યવહારમાં અનર્થકારી હિંસાનો તેમજ મહારંભજન્ય પંદર પ્રકારના વ્યાપારો-વ્યવસાયોનો ત્યાગ કરે છે. આગમ દૃષ્ટિએ તે શ્રમણોપાસકોનું પાંચમું ગુણ સ્થાન હોય છે. તેથી તેઓની ગતિ માત્ર વૈજ્ઞાનિક દેવોની જ થાય છે. તેઓ બાર દેવલોક અને નવ લોકાંતિક દેવોમાંથી કોઈ પણ પ્રકારના દેવલોકમાં ઉત્પન્ન થાય છે. અન્ય કોઈ પણ યોનિમાં નારકી, તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી.'

જૈન શ્રાવકાચારમાં પંદર કર્મદાનની સમીક્ષા ઉપરના સંશોધન પેપરમાં ડો.કૌમુદી સુનીલ બલદોતા જણાવે છે કે 'તત્વાર્થભાષ્યના સમયમાં (લગભગ પાંચમી સદીમાં) પંદર કર્માદાનની કલ્પના દૃઢમૂળ નહોતી. પરંતુ સિદ્ધસેનગણિના સમયમાં (લગભગ આઠમી-નવમી સદી) પંદર કર્માદાનની ધારણા ઉપદેશ અને પ્રવચન દ્વારા દૃઢ થતી આવી હશે. ભગવાન મહાવીરના સમયમાં સમાજના સામાન્ય સ્તરના ઘણા લોકો એમના સંપર્કમાં આવ્યા. સુથાર, કુંભાર, સોની વગેરેનો ઉલ્લેખ આગમોમાં જોવા મળે છે. (ઉપાસકદશા-સાતમું અધ્યયન) આચારંગમાં સ્પષ્ટ નિર્દેશ છે કે આવા લોકોના નિવાસ્થાને કે એમની નજીક ભગવાન મહાવીરનો ઉતારો રહેતો. (આચારંગ સૂત્ર ૨.૨.૩.૬). આમાંના ઘણા એ શ્રાવકદીક્ષા પણ ગ્રહણ કરેલ હતી, આમાંથી ભગવાન મહાવીરે નિષિદ્ધ વ્યાપાર ત્યજવાનો નિર્દેશ ક્યારેય કર્યો નહોતો. આવા આગમિક પ્રમાણોથી એમ મનાય છે કે ભગવાન મહાવીરના જીવનકાળ દરમ્યાન આ પંદર કર્માદાનની માન્યતા પ્રચલિત નહીં હોય. દિગમ્બર શ્રાવકાચારમાં અહિંસા અણુવ્રતના પાલન માટે હિંસા-અહિંસાનો વિચાર આરંભી હિંસા, ઉદ્યોગી હિંસા, સંકલ્પી હિંસા અને વિરોધી હિંસા. આજીવિકા માટે ગૃહસ્થે ઉદ્યોગ અને વ્યાપાર અપનાવવો પડે છે. ખેતી, દુકાન, મકાન આદિમાં હિંસા તો છે જ, પરંતુ જીવન આવશ્યક હિંસાને છોડી વગર કારણની હિંસાનો ત્યાગ ગૃહસ્થ માટે આવશ્યક માનવામાં આવ્યો છે.

પ્રાચીનતમ જૈન આગમોમાં ગૃહસ્થો માટે જે ષટકર્મનો ઉલ્લેખ કરેલ છે તે અસી, મસી, કૃષિ, વિદ્યા, વાણિજ્ય અને શિલ્પ. સમવાયંગ સૂત્રમાં ૭૨ કળાઓના


ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને, પોતાની જાતને, ઈશ્વરને અને સત્યને ઓળખીએ.

નામ આપ્યા છે. જો આ પ્રચલિત હોય તો ૧૫ કર્મદાનનો કેમ નથી ? પંદર કર્મદાનમાંથી દંતવાણિજ્જે, લક્ખવાણિજ્જે, કેસવાણિજ્જે, રસવાણિજ્જે, રસવાણિજ્જે અને વિસવાણિજ્જે એ પાંચના વ્યાપારનો ઉલ્લેખ છે અને બાકીમાં કમ્મે - કર્મનો ઉલ્લેખ છે એ એમ સૂચવે છે કે નિષેધરૂપે આ પાંચ જ પ્રમુખતાથી અપેક્ષિત છે.'

ઉપરના બન્ને દ્રષ્ટિકોણમાં આવશ્યક કે અનાવશ્યક અહિંસાના અર્થઘટનના ધોરણમાં અતિ સૂક્ષ્મ અંતર જણાય છે. પરંતુ સાંપ્રત સમયની જીવનશૈલીને લક્ષ્યમાં રાખવી રહી. મહાવીર પ્રભુના સમય પહેલાં અને પછી ખેતી પદ્ધતિ સજીવ ખેતીની હતી. આજે રાસાયણિક ખાતર, જંતુનાશક દવાનો ઉપયોગને ખેતીમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. સુથાર, કુંભાર, લુહારના ધંધામાં સાધનોનો ઉપયોગ, તેના ઉત્પાદનના સ્તરમાં એ જ રીતે વધારો થયો છે.

જે ધંધા અને કાર્યોમાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનો વિશેષ બંધ થાય છે તેને અથવા કર્મોના હેતોને કર્માદાન કહે છે. પરિગ્રહ પાપનું મૂળ છે. 'ઈચ્છા હુ આગાસસમાં અણંતિયા' ઈચ્છા આકાશની જેમ અનંત છે. જેમ જેમ લોભ થાય છે તેમ તેમ લોભ વધતો જાય છે. બધા જીવોને માટે પરિગ્રહથી મોટું કોઈ બંધન નથી. તે મહા અશાંતિનું કારણ છે, તેનાથી કલહ, હિંસા, બેઈમાની વગેરેની પ્રાદુર્ભાવ (દુષ્ટભાવ) થાય છે. અપરિગ્રહવ્રતના પાલનથી ઈચ્છાજનક સંકલ્પ, વિકલ્પથી મુક્તિ મળે છે. વર્તમાનમાં પ્રાપ્ત હોય તે ધન આદિમાં આસક્તિ મંદ બને છે. તેના અભાવમાં પણ સંતોષ મળે છે.

પ્રત્યેક જીવ જીવવા-સુખપૂર્વક જીવવા ઈચ્છે છે. જૈન ધર્મ શ્રાવક-શ્રાવિકાઓને દયા, કરૂણા, અનુકંપા, પ્રેમ, મૈત્રી સાથેની જીવન પદ્ધતિ અપનાવવાનો ઉપદેશ છે. આપણે કર્માદાનમાં દોષિત જણાવાયેલ ધંધા નહીં કરવાનો જ વિચાર કે સંકલ્પ નથી કરવાનો. કર્માદાનમાં જણાવાયેલ વ્યાપારો સિવાયના ધંધા નૈતિકતા સાથે કરવાના છે. ત્રીજું અણુવ્રત સ્થૂલ અદત્ત ત્યાગ વ્રત અને પાંચમું અણુવ્રત - નવ પ્રકારના  પરિગ્રહ મર્યાદા વ્રતનું પણ પાલન કરવાનું રહે. બીજાના હક્ક છીનવીને કે કાયદાઓનું ઉલ્લંઘન કરીને, લાંચ રૂશ્વતથી વ્યાપાર કરવો તે પણ એક પ્રકારની હિંસા છે. સંગ્રાહખોરી, તોલ-માપમાં અથવા માલની ગુણવત્તામાં હેરાફેરી કરવી, દરેક મનુષ્યને જીવવાનો હક છે અને તેથી પોતાનું પોષણ કરવાના સાધનો અને આવાસ અને વસ્ત્ર મેળવવાનો હક છે ત્યારે સસ્તામાં સસ્તું ખરીદી મોંઘામાં મોઘું વેચવું એ એક પ્રકારની હિંસા છે.

કેટલાક વાસ્તવિક ઉદાહરણો છે જે વધુ સારી રીતે સમજવામાં મદદ કરશે. અમારા આદરણીય વિદ્વાન સંપાદક સ્વ.ડો. ધનવંત શાહને એડહેસિવ ગુંદર બનાવવાનો વ્યવસાય હતો. જે રહેઠાણ કે ઓફિસની જમીન ઉપર લાકડાની ફ્લોર ટાઈલ્સ લગાડવામાં ઉપયોગમાં આવે છે. વિવિધ ઉત્પાદનો, આ સૌથી નફાકારક વસ્તુ હતી. તેમના માટે તે સૌથી અને માત્ર નફાકારક ઉત્પાદન હતું. તેની મોટાભાગની માંગ દક્ષિણ ભારતની હતી. ફક્ત દક્ષિણમાં જ કેમ આટલી માંગ છે અને તે ભારતમાં અન્ય સ્થળોએ વધુ માંગ કેવી રીતે ઊભી કરી શકાય તે સમજવા માટે, ધનંજયભાઈ જાતે દક્ષિણમાં જ્યાં મોટી માત્રામાં ખરીદી કરતી હતી, તે દરિયા કિનારેના છેવાડાના નાના ગામ પહોંચ્યા. તેમને જાણવા મળ્યું કે તેમનું આ ગુંદરનું ઉત્પાદન લાકડાની ફ્લોર ટાઈલ્સ બેસાડવા નહીં, પરંતુ માછલા પકડવાની જાળની સાંધાની ગાંઠો મજબુત કરવા ઉપયોગમાં લેવામાં આવતો હતો. જેથી વધારે ને વધારે માછલીઓ જાળમાં ફસાય જાય. શ્રી ધનવંતભાઈએ કદી કલ્પના પણ નહોતી કરી કે તેમનું ઉત્પાદન આવી હિંસક પ્રવૃત્તિ માટે ઉપયોગી થઈ શકે. મનોમન શ્રી ધનવંતભાઈએ ત્યાં ને ત્યાં જ નિર્ણય કર્યો કે આવા ગુંદરની પેદાશ ત્વરિત બંધ કરવી. આને પરિણામે ફેક્ટરી ખોટમાં ધકેલાઈ ગઈ. માથે બેંકનું દેવું પણ હતું. સ્ટાફના વરિષ્ઠ સભ્યોએ ધનવંતભાઈને રાજીનામું આપવાનો પ્રયત્ન કર્યો કે ત્યાં સુધી વિકલ્પો નહીં મળે ત્યાં સુધી તેનું ઉત્પાદન શરૂ કરી દે.

સાચા જૈન તરીકે, અહિંસાના સિદ્ધાંતનો દ્રઢ પાલન કરનારા, ધનવંતભાઈએ પ્રત્યક્ષ કે આડકતરી રીતે મારવા અથવા ઈજા પહોંચાડવાની પ્રવૃતિમાં સામેલ થવા માંગતા ન હતા. સ્ટાફના વરિષ્ઠ અધિકારીઓની એમને આ ફેક્ટરી ચલાવવા આપવાની વિનંતીને પણ નકારી અને ઓફિસની જગ્યા વેચી બેંકનું કરજ ચુકવી શાંતિનો શ્વાસ લીધો. આવા આર્થિક નુકસાનીથી બહાર નીકળી આધ્યાત્મિક માર્ગ ઉપર પ્રયાણ થતાં નવા શિખરો સર કર્યા. આ આદરણીય ગુણવંતભાઈ શાહે તેમના પ્રવચન 'દુકાનમાં દેરાસર'માં આ દ્રષ્ટાંત વર્ણવેલ હતો. બીજું ઉદાહરણ ચાર્ટર્ડ એકાઉન્ટ આદરણીય વિદ્વાન શ્રી ગુણવંતભાઈ બરવાળિયાનું છે. તેના ગ્રાહકોના ટેક્સની જટિલ બાબતો માટે, ગ્રાહકોના હિત માટે તેમણે કર અધિકારીઓ સાથે કેટલીક વાર લંચ/ડિનર મીટિંગ્સ આયોજવી પડતી હતી. તે પોતે કડક શાકાહારી છે પરંતુ અન્ય લોકોને વાઈન અને નોન-વેજ આહાર આરોગતા તેના બિલ ચૂકવવા પડતું હતું. એક તરફ ઘણાં ઊંચા કરદરો, ભ્રષ્ટ અધિકારીઓ, અસીલોનું નાણાકીય હિત માટે અનિચ્છાએ માંસાહાર અને મદિરાનું અનુમોદન કરી રહ્યા છે એવી પાપદોષની લાગણી અને એના સિવાય પોતાના અસીલોનું નાણાકીય હિતના પ્રશ્નોમાં સહાયરૂપ ન બની શકવાની દ્વિધાથી મુક્ત થવા, પોતાના ધાર્મિક આચરણતા વિશેના દ્રઢ સંકલ્પની અથડામણને કારણે તેમણે ટેક્ષ પ્રેક્ટીસને તિલાંજલી આપી. આ પ્રથમ દ્રષ્ટિએ એક વિશાળ આર્થિક નુકસાન કરાવશે તેવા નિર્ણયમાં ન્યાય સંપન્ન વૈભવ અને સાધન શુદ્ધિ માટેની દ્રઢતા અને શ્રદ્ધા સફળ રહી. આજે શ્રી ગુણવંતભાઈ એક જૈન ધર્મના ઊંડા અભ્યાસી, સામાયિકોના સંપાદક, અનેક જ્ઞાનસત્રના આયોજક, સાહિત્યિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓના પ્રેરક બળ, અનેક નામી ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓમાં માનદ્ ટ્રસ્ટ્રી-મંત્રી વિ. હોદ્દાઓ સંભાળતા સક્રિયપણે યોગદાન-સેવા આપી રહ્યા આધ્યાત્મિક શાંતિ-સુખ અનુભવી રહ્યા છે.

શરૂઆતના વર્ષોમાં સંઘર્ષમય સમયે જૂજ અસીલો સાથેની ટેક્સ અને કાયદા સલાહકાર તરીકેની વ્યક્તિગત કારકીર્દિમાં મારે પણ આવી દ્વિધા અનુભવવી પડી હતી. કૌટુંબિક જવાબદારીઓ સાથે આવકના સ્ત્રોતને વ્યાપક બનાવવાની આવશ્યકતા હતી. આ સમયે ટેક્ષ, ફોરેન એક્ષચેંજ રિઝર્વ બેંક અને કંપની કાયદાના પાલન માટેના સલાહકાર આકર્ષક માસિક રિટેઈનર ફી સાથેનું એસાઇનમેન્ટ મળ્યું. પરંતુ થોડા સમયમાં જ આ એસાઇન્મેન્ટ છોડવાનો નિર્ણય લીધો કારણ કે આ અસીલનો વેપાર કતલખાનાનો હતો. મિત્રો સાથે આ દ્વિધાની વાત કરતાં એક દલીલ આવી કે મારે તો કાયદાના પાલનની સલાહ જ આપવાની છે. વધુમાં તર્ક આપ્યો કે દાક્તરના પ્રોફેશનમાં કોઈ કસાઈ દર્દી તરીકે આવે તો શું દાક્તર તબીબી સારવાર નહીં આપે ? જરૂરિયાત કે લોભને કારણે એક કાયદાકીય સલાહકારને હાવી ન થવા દેતાં અસીલને નમ્રતાથી છુટા થવાનો નિર્ણય જણાવ્યો. કાયદાનું પાલન કરવાની સલાહ આપનાર પહેલાં ધર્મનું આચરણ કરવાની સમજણ કેવી રીતે અવગણી શકે ? મારી પ્રવૃત્તિ કન્સલ્ટન્સી હતી જે અનુમતિશીલ પ્રવૃત્તિ છે પરંતુ મારી આવકની રસીદનો સ્ત્રોત ક્લાયંટની વ્યવસાય પ્રવૃત્તિમાંથી છે જે સંપૂર્ણપણે પ્રતિબંધિત છે.

આમ, ઉપરોક્ત ત્રણેય કેસોમાં - લાકડાના ફ્લોર માટે ઉત્પાદનનો ગુંદર, સીએ અથવા ટેક્સ અને કાયદાની બાબતો તરીકેની પ્રેક્ટિસ સંપૂર્ણપણે જૈન ધર્મની અનુમતિ હેઠળ છે, પરંતુ આવા અનુમતિવાળા વ્યાપારમાં પરોક્ષ રીતે પ્રતિબંધિત સંજોગો આવે તો તેનાથી વેગળા થવું કે રહેવું એવી સમજણનું પાલન કરવું હિતકારી છે. આવી જ ધારણા અનુસાર કર્માદાનના પ્રતિબંધિત વ્યાપારો સાથે સંકળાયેલ કંપનીઓના શેરોમાં રોકાણ વર્જ્ય સમજવું આત્માના શ્રેયાર્થે છે.

નીતિથી કમાવવું, રીતિથી વાપરવું અને પ્રીતિથી આપવું.

જીવન નિર્વાહ - આજીવિકાના સાધનોના ઉપયોગમાં જાગ્રતતા કેળવવા ઉપરનું વિવરણ માર્ગદર્શક રહે તેવી અભ્યર્થના સાથે...

શાસ્ત્ર કે એના અર્થઘટન-સમજણ વિરૂદ્ધ કશું લખાયું હોત તો ક્ષમા પ્રાર્થું છું.

- બકુલ ગાંધી



વિવેક બુદ્ધિની પૂર્ણતા છે, જીવનનાં બધાં જ કર્તવ્યોમાં તે આપણો પથ-પ્રદર્શક છે.

# AAYOG SURGICAL HOSPITAL



## Dr.Shail Sanghvi

MBBS,MS,FMAS

**Laparoscopic & General Surgeon**

### સારવાર

- દુરબીનથી થતા પેટના ઓપરેશન - એપેન્ડીક્સ,પિત્તાશય
- દુરબીનથી થતા સારણગાંઠ-હર્નીયાના ઓપરેશન
- હરસ-મસા,ભગંદરની સારવાર - સ્ટેપલર પાઈલ્સ સર્જરી
- લીવર,સ્વાદુપિંડના રોગનું નિદાન તથા સારવાર
- પેટનો રોગોની સારવાર
- દુરબીનથી કીડની,પેશાબની નળીની પથરીના ઓપરેશન
- પ્રોસ્ટેટના દુરબીનથી ઓપરેશન
- છાતીની સાદી તથા કેન્સરની ગાંઠના ઓપરેશન
- થાઈરોઈડ,આંતરડા તથા પેટના અન્ય કેન્સરનું નિદાન તથા સારવાર
- દાઝયાની તાત્કાલીક સારવાર અને ત્વચા પ્રત્યારોપણ (Skin Grafting)

મેડીક્લેઈમ સુવિધા ઉપલબ્ધ

-: ઉપલબ્ધ સુવિધા :-

૨ સ્ટ્રેચર લીફ્ટ
+ ૨ સાદી લીફ્ટ
ફાયર સેફ્ટી + પાર્કીંગ,
સીસીટીવી કેમેરા
લેપ્રોસ્કોપીક ઓપરેશન થીયેટર,
Central Oxygen System
અદ્યતન (વેન્ટીલેટરવાળી)
એનેસ્થેસીયા મશીન /ટ્રોલી
જનરલ અને સ્પેશીયલ રૂમ

## સર્જીકલ કન્સલ્ટીંગ ચાર્જ - રૂા.૫૦૦/-

**સોમ થી શનિ સવારે ૧૧ થી ૨ - કન્સલ્ટીંગ ચાર્જ ફક્ત રૂા.૨૦૦/-**

**ઓ.પી.ડી. (સોમ થી શનિ) - સમય : સવારે ૧૧ થી ૨ અને સાંજે ૫ થી ૮ (ઈમરજન્સી ૨૪ કલાક)**

૬૧૧,છઠ્ઠા માળે,સ્વનીક આર્કેડ,પ્રગતિનગર થી કે.કે.નગર રોડ,
વરદાન ટાવર અને અર્જુન હોમ્સ પાસે,નારણપુરા,અમદાવાદ-૩૮૦ ૦૧૩

**079-27482422, 99243 64422**


**સમાજના સભ્યો માટે દર ગુરુવારે બપોરે ૧૨ થી ૨ તથા સાંજે ૫ થી ૭ ફ્રી**


A Complete Security & IT Solution Provider

## Infrasoul Techserve Pvt. Ltd.

Ph : 079 65 45 09 09 | www.infrasoul.com | info@infrasoul.com

HO : 805, Shapath 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad. Branch : Baroda | Surat




### Associate Companies

Sanghvi Consultancy| Providing all Types of Insurance Solutions

Sanghvi Infotech Pvt Ltd.| A Complete IT and Networking company

# HAPPY 2 HELP CLUB

અમારું મિશન પોષક તત્વ છે.

એક મુલાકાત તમને તંદુરસ્ત જીવન આપી શકે છે.

**મયુરી દેસાઈ**
94276 26224

**વેલનેસ કોચ**

**નિરવ દેસાઈ**
99799 32624




(પરિણામનો આધાર વ્યક્તિની તાસીર પ્રમાણે બદલાય છે)

**અમારી સેવાઓ:**

- એનર્જી એન્ડ ફિટનેસ
- પાચન સ્વાસ્થ્ય
- રોગ પ્રતિકારક શક્તિ
- વજન ઘટાડવું / વધારવું
- બાળકોનું આરોગ્ય
- ચરબી ઘટાડવામાં મદદરૂપ
- સ્કીન હેલ્થ
- મસલ્સ વધારવા
- દવા વગર જીવન જીવવામાં મદદરૂપ
- સ્પોર્ટ્સ ન્યૂટ્રિશન (રમત પહેલા અને પછી)

એપોઈન્ટમેન્ટ લેવી ફરજિયાત રહેશે.



**Milan Shah** (Managing Director)
Cell: +91 92272 58500

## Webplus INFOTECH

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

- Website Design & Development
- Search Engine Optimization (SEO)
- Android, iOS Mobile App Development
- Corporate Identity
- Domain & Website Hosting
- Software Development

CIN: U72200GJ2014PTC079036

Android · Magento · php · MySQL · WordPress · HTML5 · CSS3 · iOS · Joomla! · Drupal · .NET · Java

**WEBPLUS INFOTECH PVT. LTD.**
H-310, Titanium City Center, Next to Sachin Tower, Beside IOC Petrol Pump, Satellite, Ahmedabad - 380051 Gujarat (INDIA)
Phone: Tel : +91 79 40091079, 40081079 Email ID: info@webplusinfotech.net Website: www.webplusinfotech.net



DHOLAKIA STUDIO

# DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

New Attractions
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames
- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing
- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

## EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY

## રત્નમ્ આંખની હોસ્પિટલ

ફેકો અને લેસર સેન્ટર

સોમવાર થી શનિવાર સમય :
સવારે ૧૧-૦૦ થી ૭-૩૦

૨૦૪, હાશ બિઝનેશ સેન્ટર, અંકુર સ્કૂલની પાસે,
ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૭ ફોન : ૨૬૬૪૨૩૪૭
Visit Us : www.ratnameyehospital.com



**ડો. જીમીત નરેન્દ્રકુમાર સંઘવી**

M.S. (Ophthal) D.O. આંખના સર્જન

**: ઉપલબ્ધ સુવિધાઓ :**

- ફેકો (Phaco) પદ્ધતિથી મોતિયાના ઓપરેશન (Micro Phaco)
- લેસર મશીનથી આંખના નંબર દૂર કરવાની સુવિધા (Lasik - Carl Zeiss MEL 80)
- કોન્ટેક્ટ લેન્સ કિલનીક
- ઝામર (Glaucoma)નું નિદાન, સારવાર તથા ઓપરેશન
- ત્રાંસી આંખ, વેલ, પરવાળાનું ઓપરેશન
- લેસરથી છારી (PCO) કાઢવાની સગવડ
- પડદાને લગતા રોગોનું નિદાન તથા સલાહ કેન્દ્ર
- કોમ્પ્યુટર મશીનથી આંખના નંબરની તપાસ
- આંખને લગતા તમામ રોગોનું નિદાન તથા સારવાર કેન્દ્ર

MEL 80

**World Best Laser Machine *is now available at* RATNAM EYE HOSPITAL**

મહિનાના પ્રથમ શનિવારે ફક્ત સમાજના સભ્યો માટે મફત તપાસ તથા રાહતદરે સારવાર માટે
હોસ્પીટલના ફોન નં ૦૭૯-૨૬૬૪ ૨૩૪૭ પર ખાસ એપોઈન્ટમેન્ટ લઈને આવવું

**DESIGNS AS YOU WANT**
Established Since 1998

**GAYATRI**
WOODEN MOULDING MAKERS

**Navkar®**
PLYWOOD



*Best Display in A'bd*

**Wholesaler & Stockist of Plywood**
**Laminate, Venner, Border Patti & Imarati Wood**

**Contact Person**
Nilesh Doshi +91 9879010137
Snehal Doshi +91 9879791137
Shail Doshi +91 7228847020

**Gallery Address**
20/21/22 Amar Estate Nr. Super Bread, Anil Starch Road, Memco, Naroda, Ahmedabad 380025.


**Factory Address**
Survey No. 589, Village Ghamij, Zak to Bahiyal Road, Taluka Dehgam, Dist.Gandhinagar

www.gayatriwooden.com GayatriWoodenMouldingMakers

Since 1947 II Shree Mahaviray Namah II *Where Relationship is beyond business*

TOYS GAMES STUDENT ENTERPRISE SOFT TOYS SPORTS

**Wholesale Distributor**



746, Kharakuva Ni Pole, Nr. Calico Dome, Relief Road, Ahmedabad-8. M:- 9374001477, 9376180811, 7567919218

**D. D. ENTERPRISE**

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,

Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006

**Ph.:- 079 - 2658 5072 , 2658 5092**

E-mail :- ddenterprise2007@rediffmail.com

**-: DISTRIBUTOR :-**

Garment, Hosiery & Loungewear

Jockey
Barry & Clark
Lyra Leggings
Sweet Dreams
Sherry
Cool Babes
One 8 Socks
Paras Hankies
Duke
Stori
Be Positive
Dare
Curve T-shirts
Grey Leaf



SAMANTAR
SALES AND SERVICES PVT. LTD.

# SAMANTAR SALES AND SERVICES PVT. LTD.

FF-7, Saransh Ambience, Opp. Pujan Flat, Nr. Jivraj Hospital, Vasna,
Ahmedabad - 380 007. Mobile : 9898031812
E-mail : info@samantarsalesservices.com • Web : www.samantarsalesservices.com

**HVAC SOLUTION PROVIDER FOR RESIDENTIAL / COMMERCIAL / FOOD / PHARMA / INDUSTRY**

Carrier TOSHIBA DAIKIN Panasonic MITSUBISHI GENERAL

---

સુખ છે "નીજ"માં સુખ નથી "પર"માં, સર્વ જીવો નીજ સુખ પામે.

જય જિનેન્દ્ર

# અરવિંદ સેલ્સ કોર્પોરેશન

હોલસેલ સ્ટેશનર્સ, ગિફ્ટ આર્ટિકલ્સ,
નવા વર્ષની ડાયરી, ટેલિફોન ડાયરી વગેરે

૧૩, કનક ચેમ્બર્સ, ચંદ્રવિલાસ હોટલ સામે, ગાંધી રોડ, અમદાવાદ. ફોન : ૨૫૩૫૪૩૪૪, ૨૫૩૫૨૬૮૩
મો. : ૯૮૨૫૦ ૧૧૫૦૩, ૯૮૨૪૪ ૧૧૫૦૨; (ઘર) ૨૬૬૫૦૮૬૩, ૨૬૪૦૯૨૩૨

**સખીદાસ પરિવારના જય જિનેન્દ્ર**

---

Where Health Thrives
Satva
Physiotherapy & Yoga Centre

**ડૉ. નિસર્ગ કોઠારી | 8141402029**
(M.P.T. કાર્ડિયોપલ્મોનરી)
ભૂતપૂર્વ ફિઝિયોથેરાપીસ્ટ સ્ટર્લીંગ અને શેલ્બી હોસ્પીટલ

**ડૉ. શિવાની કોઠારી**
(B.P.T., DNHE)

**ઉપલબ્ધ સારવાર**
- ગરદન, ખભા, મણકા અને ઘૂંટણના દુ:ખાવાની અદ્યતન મશીન દ્વારા સારવાર.
- કોઇપણ ફ્રેક્ચર અને ફ્રેક્ચરના ઓપરેશન પછીની કસરતો
- થાપા અને ઘૂંટણના પ્રત્યારોપણ પછીની કસરતો
- રમત-ગમત દ્વારા થતી ઇજાની સારવાર
- લકવો, સાયટીકા, બેલ્સ પાલ્સીની સારવાર
- પલ્મોનરી રીહેબીલીટેશન (શ્વાસને લગતી) ઓક્સીજન સાથે
- કાર્ડીયાક રીહેબીલીટેશન (હૃદયને લગતી)
- ડાયેટ કાઉન્સીલીંગ
- યોગા

જૈન સમાજના સભ્યો માટે રાહત દરે નિદાન તથા સારવાર.

સમય : સવારે ૯ થી ૧ કલાકે • સાંજે : ૪ થી ૮ કલાકે

૩૧૦, શાંગ્રીલા આર્કેડ, શ્યામલ ચાર રસ્તા પાસે, આનંદનગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫. ફોન નંબર ૦૭૯-૨૬૭૬૨૦૨૯

---




A Place Where People Trust
**RAJENDRA A.**
**JEWELLERS PVT. LTD.**
Gold, Diamond & Silver Antique Jewellery
(Govt. Approved Valuer)

6 - G Floor, 103 - 1st Floor, National Plaza,
C.G. Road, Opp. Lal Bungalow, Ahmedabad-380009.
Phone : 26560670, 26560671

Published On 18th of Every Month & Permitted to post at Ahd. PSO on 18'th E/M
Valid up to 31-12-2023

જાન્યુઆરી-૨૦૨૧ પાના નં. ૪૮ R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2021-2023

SMART™ TOTAL KNEE REPLACEMENT WITH ABC™ TECHNIQUE



**ડૉ. અમીર સંઘવી**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.
+91 98250 66013

**ડૉ. અતીત શર્મા**
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

**ડૉ. ચિરાગ પટેલ**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

**ડૉ. હેમાંગ અંબાની**
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120

**અત્યાધુનિક હાઈપરફોર્મન્સ સાંધાઓ સાથે**

- આપ પલાઠી વાળી બેસી શકશો
- કુદરતી ઘૂંટણ જેવો અનુભવ
- ની જોઈન્ટનું લાંબુ આયુષ્ય



એપોઈન્ટમેન્ટ માટે કોલ કરો
**+91 95744 45559**

Shree Orthocare
Strength in Togetherness

KD Hospital
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

**KD HOSPITAL**
Near Vaishnavdevi Circle, SG Road, Ahmedabad.
Email : shreeorthocare@gmail.com • Website : www.shreeorthocare.com

પ્રેષક : If undelivered to return to Reg. No. GUJ-314/2021-2023 Valid up to 31-12-2023

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**
''શાન્તમ્'', પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦

પ્રતિ શ્રી, ______________________